જો તમારૂં હૈયું જવાળામુખી હોય તો તે તમારા હાથમાં પુષ્પો પાંગરે એવી અપેક્ષા રાખી શકો?
- ખલીલ જીબ્રાન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર



Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૨૭ | ૧૭ જુલાઇ, ૨૦૧૩, બુધવાર; અષાઢ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# શહેરમાં મેલેરિયાના વધતા કેસો

## તંત્રએ સર્વેલન્સ, એન્ટી લારવેલની કામગીરી સઘન બનાવી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરમાં આ સીઝન દરમિયાન પ્રથમવાર મેલેરિયાના દર્દીઓની સંખ્યા બે આંકડામાં પહોંચતા તંત્રએ તેની કામગીરીને સઘન બનાવી દીધી છે.

આજે એક જ દિવસમાં આટલા કેસો મળતાં તંત્ર એ તાબડતોબ એન્ટી લારવેલની કામગીરીને સઘન બનાવી દીધી છે. મળતી વિગતો મુજબ ૩૦ જેટલા સેકટરો અને ૮ જેટલા ગ્રામ્ય વિસ્તારમાં પથરાયેલા આ નગરમાં પહેલીવાર આ સીઝનમાં બે આંકડાઓમાં દર્દીઓ નોંધાયા છે.

તંત્ર એ છુટા છવાયા મળી આવેલા આ કેસોને ગંભીરતાથી લીધા છે અને શહેરમાં સર્વેલન્સ તેમજ બ્લડ સેમ્પલ કલેકશન સહિત એન્ટી લારવેલની કામગીરીને સઘન બનાવવા માટેની સૂચનાઓ જારી કરી દીધી છે.

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળો વકરે નહિ તે માટે બે ઝોનમાં વહેંચી ૪૦ જેટલા મેલેરિયા વર્કરોની ૧૦ જેટલી ટીમો બનાવી છે અને આગામી દિવસોમાં સર્વેલન્સ તેમજ એન્ટી લારવેલની કામગીરી સઘન બનાવવામાં આવશે તેવી વ્યુહરચના તંત્રએ તૈયાર કરી અમલી બનવી છે.

મળતી વિગતો પ્રમાણે શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી મળી આવેલા આ કેસોને લઈ તંત્ર દ્વારા મચ્છરોના બ્રીડીંગ પણ શોધવાની કાર્યવાહી સઘન બનાવી છે તેમજ તેનો નાશ કરવામાં આવી રહ્યો છે. તાજેતરમાં અર્બન મેલેરિયાના ઈનસેકટ કલેકટર જ મેલેરિયામાં ફસાતાં તેમને ખાનગી દવાખાનામાં દાખલ થવું પડયું હતું જે ઉલ્લેખનીય છે.

## ગાંધીનગર-અમદાવાદની બસો પર ઈલેક્ટ્રીક બોર્ડ મુકાશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે દોડતી બસોના બોર્ડ ઈલેક્ટ્રીક બનાવવા અંગેની ગંભીર વિચારણા તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે અને આ માટે આગામી એક-બે દિવસમાં સર્વેની કામગીરી પણ હાથ ધરવામાં આવનાર છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર-અમદાવાદ વચ્ચે આજે દોડતી ૧૦૩ થી વધુ બસોની ૧૮૫ થી પણ વધુ ટ્રીપો છે. આ બસો પૈકીની મોટાભાગની બસોમાં તેના રૂટ બોર્ડ નહિ હોવાની ગંભીર ફરિયાદો વારંવાર ઉઠી રહી છે. આ ફરિયાદોના ઉકેલ માટે હવે ઈલેક્ટ્રીક બોર્ડનો વિકલ્પ વિચારવાની દિશામાં તંત્ર આગળ વધી રહ્યું છે.

વાહન-વ્યવહાર નિગમ અને વિભાગના અધિકારીઓએ આ અંગેનું મંથન આરંભ્યું છે. મળતી વિગતો પ્રમાણે કેટલીક બસો દિવસમાં બે થી ૩ રૂટ પર અલગ અલગ ફરતી હોય છે જેને કારણે બે થી ૩ બોર્ડ લગાવવા પડે છે. આમાં ઘણીવાર ક્ષતિને કારણે બસ પર રૂટ બોર્ડ મુકવામાં નહિ આવતા હોવાનું તેમજ કેટલાક રૂટ બોર્ડ ચોરાઈ જવાની પણ ફરિયાદોનો પણ સમાવેશ થાય છે.

આ સંદર્ભે હવે તંત્રએ આવી બસોને અલગ ફાળવવા તેમજ બીજી બસો જે એક જ માર્ગ પર ટ્રીપો કરે છે તેના માટે ઈલેક્ટ્રીક સર્કીટ વાળા બોર્ડ લગાવી શકાય કે કેમ ? તે વિશે ગંભીરતાથી વિચારણા હાથ ધરી છે.

આ સર્વે રિપોર્ટની કામગીરી સંપન્ન થયા બાદ તબક્કાવાર આવી કામગીરી હાથ ધરવામાં આવશે તેવા સંકેતો પણ તંત્રના અધિકારીઓએ આપ્યા છે. ગાંધીનગર અમદાવાદ વચ્ચે બી.આર.ટી.એસ. બસની જેમ આવા બોર્ડ લગાવવા પાછળનો અંદાજીત ખર્ચ સહિતની બાબત સર્વેમાં સમાવવામાં આવશે તેમ પણ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે વધતા જતા ટ્રાફિક ભારણને પણ ધ્યાને લેવામાં આવ્યો છે એટલુ જ નહિ બસના સમય-પત્રકમાં પણ કેટલાક સુધારા-વધારા આગામી દિવસોમાં થશે તેમ જાણવા મળેલ છે.



ગોરમાનો વર કેસરિયો : આપણી સંસ્કૃતિ આસ્થાની સંસ્કૃતિ છે, તપની સંસ્કૃતિ છે, વ્રતની સંસ્કૃતિ છે. બાળકોમાં નાની વયથી જ આ સંસ્કારનું આરોપણ આપણે ત્યાં કરવામાં આવે છે. એવા જ એક સંસ્કાર એટલે કે ગૌરી વ્રત ઉર્ફે ગોર્યોનો હવે આરંભ થવામાં છે ત્યારે એ માટેના જવારા બજારમાં આવી પહોંચ્યા છે અને એની ખરીદીમાં તેજી પણ જોવા મળી રહી છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## ડુપ્લીકેટ સાબુ-શેમ્પુનો ૨૩ લાખનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર, તા. ૧૬

કલોલ તાલુકાના રકનપુર જીઆઈડીસી ખાતે અમદાવાદના શખ્સે કારખાનુ શરૂ કરીને ડુપ્લીકેટ સાબુ અને શેમ્પુ બનાવવાનું શરૂ કરી દઈ વેચાણ શરૂ કર્યુ હોવાની ફરીયાદને આધારે આજે કલોલ તાલુકા પોલીસે જીઆઈડીસીમાં દરોડો પાડીને સાબુ-શેમ્પુનો કાચો માલ તથા ડુપ્લીકેટ સાબુ-શેમ્પુ મળીને રૂ. ૨૩.૦૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ફરાર થઈ ગયેલા આરોપીની શોધખોળ શરૂ કરી છે.

અમદાવાદના સરસપુર વિસ્તારમાં રહેતા અજિતસિંહ યાદવ સાથે હિન્દુસ્તાન યુનિલીવર લીમીટેડ તથા પોમ્ટેક એન્ડ ગેમ્બલ કંપનીમાં કરાર હતા. કલોલના રકનપુર જીઆઈડીસી ખાતે પ્લોટ નં. ૮૩૪ ના કારખાનામાં ટ્રેડમાર્ક અને કોપી રાઈટ કરીને નકલી સાબુ-શેમ્પુ બનાવીને વેચાણ થતુ હોવાની ફરીયાદ અજિતસિંહે કલોલ તાલુકા પી.આઈ. બી.એન. દવેને આપતા કલોલ તાલુકા પોલીસની ટીમે આજે જીઆઈડીસીના બાતમીવાળા પ્લોટમાં દરોડો પાડ્યો હતો. દરોડામાં ડુપ્લીકેટ ડવનો સાબુ અને હેડ એન્ડ સોલ્ડર શેમ્પુ તથા તે બનાવવા માટે વપરાતો કાચોમાલ અને સાધન સામગ્રી મળી આવ્યા હતા. પોલીસે રૂ. ૨૩.૦૮ લાખની કિંમતનો માલ કબ્જે લઈને અમદાવાદનો આરોપી કારખાના માલીક મુકેશ લલીત શાહ વિરૂદ્ધ ગુનો નોંધી તેને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે.

## બે સંતાનોને દવા પીવડાવીને માતાએ ઝેર ગટગટાવી લીધુ

### દોઢ વર્ષનો દિકરો અને ૪ વર્ષની દિકરીનું મૃત્યુ : માતાની હાલત ગંભીર : માતા વિરૂદ્ધ બન્ને સંતાનોના મર્ડરનો ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકા વિસ્તારમાં આવેલા બોરીસણા ગામમાં વહેલી સવારે હૃદય હચમચાવી મુકે તેવી ઘટના બનવા પામી છે. એક માતાએ પોતાના બે ફુલસમા સંતાનોને કોઈ કારણોસર દવા પીવડાવી દઈ પોતે પણ ઝેર ઘોળી લીધુ હતુ. સવારે પડોશીઓને જાણ થતા પોલીસને



બોલાવી લીધી હતી. બન્ને સંતાનોનું મૃત્યુ થઈ ચુક્યુ હતુ જ્યારે માતા એક ખુણામાં તરફડીયા મારી રહી હતી. માતાએ ગંભીર હાલતમાં અમદાવાદની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી છે. કલોલ તાલુકા પોલીસે બન્ને સંતાનોની હત્યાનો ગુનો માતા વિરૂદ્ધ દાખલ કરી સામુહિક દવા ગટગટાવી લેવાનું કારણ બહાર લાવવા તજવીજ સરૂ કરી છે.

● અનુસંધાન પાના - ૭ પર

### એફ.એસ.એલ. દ્વારા ૧૭ નમુનાઓ પરિક્ષણ માટે લેવાયા

ઘટનાની જાણ પોલીસને થયા બાદ ગાંધીનગર એફએસએલને બોલાવી લેવામાં આવી હતી. ઝીણવટભરી તપાસ કરીને એફએસએલ અધિકારી જી.પી. દરબારે લોહીવાળો દુપટ્ટો, ઉલ્ટી અને દવા વાળી ચાદર, તકીયો, દવાની બોટલ, સ્ટીલની પાલી સહિતના ૧૭ જેટલા નમુનાઓ પરીક્ષણ અર્થે લીધા છે.

### સંતાનોને માતાએ નવા કપડા પહેરાવી દીધા...!

સ્થળ નિરિક્ષણ કરતાં જોવા મળ્યું હતું કે દોઢ વર્ષના દિકરાનો ફોટો જે ફ્રેમમાં લગાવેલો હતો તે ફોટો રૂમમાં અડધો ફાટેલો મળી આવ્યો હતો. તે ઉપરાંત બન્ને સંતાનોના ઉલ્ટીવાળા કપડાં એક ખુણામાં પડ્યા હતા અને બન્નેને માતાએ નવા નક્કોર કપડાં પહેરાવી દીધા હતા. દવા પીવડાવ્યા બાદ સંતાનોએ ઉલ્ટીઓ કરી તે ઉલ્ટીવાળા કપડાં કાઢીને નવા પહેરાવ્યા હોવાથી અડધોથી એક કલાક બાદ માતાએ દવા પીધી હોવાનો અંદાજ છે.

## ડિઝાસ્ટર પ્લાનના અમલીકરણમાં વિભાગોમાં સુયોગ્ય સંકલન જરૂરી છે : સંજય પ્રસાદ

### ભુવાઓના મરામતમાં ગતિ લાવવા, વીજપુરવઠો ઝડપથી પુનઃ પ્રસ્થાપિત થાય તે જોવા તેમજ પ્રા. શાળામાં ફર્સ્ટ એઈડ કીટ સાથે ઓ.આર.એસ.ના પેકેટો આપવા તંત્રને કડક તાકીદ કરાઈ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં ડિઝાસ્ટર પ્લાનના અમલીકરણ માટે વિભાગો-વિભાગો વચ્ચે સુયોગ્ય સંકલન હોવાનો આગ્રહ કરી જિલ્લાના પ્રભારી સચિવશ્રી સંજયપ્રસાદે દરેક શાળામાં ઓ.આર.એસ.ના પેકેટો અને ફર્સ્ટ એઈડની કીટ ઉપલબ્ધ કરાવવા તંત્રને તાકીદ કરી છે.

રાજ્યના મુખ્ય સચિવશ્રી ડૉ. વરેશ સિંહાએ પ્રભારી સચિવોને પ્લાનની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપવા માટેની સૂચનાના પગલે તાકીદે બોલાવાયેલી આ બેઠકમાં પ્રભારી સચિવશ્રીએ ખાસ કરીને વિભાગોને રેપીડ રિસપોન્સ ટીમ એક સંયુક્ત તૈયાર કરી વિભાગોના સુયોગ્ય સંકલન માટે સૂચવ્યું હતું.

તેમણે યુ.જી.સી.વી.એસ. ને ગ્રામ્ય વિસ્તારમાં ચોમાસા દરમ્યાન ખોરવાતો વીજ પુરવઠો પાંચ-પાંચ કલાક સુધી રિસ્ટોર નહિ કરાતો હોવા અંગે નારાજગી વ્યક્ત કરી અસરકારક કામગીરી કરવા તાકીદ કરી હતી તેમજ ગ્રામજનોની હાલાકી દૂર થાય તે જોવા જણાવ્યું હતું.

વૃક્ષો પડી જવાની ઘટનાને લઈ વન વિભાગને જુના અને સુકાઈ ગયેલા વૃક્ષો દૂર કરવાની કામગીરી ધીમી ગતિએ ચાલતી હોવાની વાતને લઈ તેમાં ગતિ લાવવા જણાવ્યું હતું. ખાસ કરીને માર્ગો પર પડી જતા વૃક્ષો અંતરાય બને છે તેની અસર વાહન-વ્યવહાર પર થાય છે તે હવે ચલાવી લેવાશે નહિ. તેમણે જણાવ્યું હતું કે વૃક્ષો પડવાથી લોકો ઈજાગ્રસ્ત થઈ રહ્યા છે તે યોગ્ય નથી.

સંજય પ્રસાદે આરોગ્ય વિભાગને પણ પાણીના ક્લોરીનેશનનું મોનીટરીંગ કરવા, ખાસ કરીને પ્રા. શાળાના બાળકોને ચોમાસા દરમ્યાન શુદ્ધ પીવાનું પાણી મળી રહે તે જોવા જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે શાળામાં બાળકોને ઝાડા-ઉલ્ટીના બનાવો ના બને તે માટે ઓ.આર.એસ.ના પેકેટ અને ફર્સ્ટ એઈડની કીટ પ્રોવાઈડ કરવા પણ જણાવ્યું હતું.

● અનુસંધાન પાના - ૭ પર

**LCD TV રીપેરીંગ**

આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે

**સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ**

ફોન : ૨૩૨ ૮૭૧૧૫
મો ૯૭૧૪૧૯૮૩૬૬
મો ૯૪૨૬૨ ૭૦૪૮૧







